ગાંધીનગર સમાચાર

યાત્રી ભાડામાં વધારાને લઈ દેશભરમાં દેખાવો

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન સ્થિતિ વણસી : વારાણસીમાં સપાના કાર્યકરોએ ટ્રેન રોકી

નવી દિલ્હી, તા.૨૧

રેલવે યાત્રી ભાડામાં કમરતોડ વધારો કરવામાં આવ્યા બાદ વધી ગયેલા યાત્રી ભાડાઓને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર ચારેય બાજુથી પ્રહારો થઈ રહ્યા છે. દેશભરમાં વિરોધ પ્રદર્શન જારી છે આજે સતત બીજા દિવસે વિરોધપક્ષોએ યાત્રી ભાડામાં વધારાનો જોરદાર વિરોધ કરીને આને પરત ખેંચી લેવાની માંગણી કરી હતી. દેશના જુદા-જુદા ભાગોમાં હિંસક દેખાવો જારી રહ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ આજે રાષ્ટ્રીય પાટનગરમાં જોરદાર દેખાવો કર્યા હતા જેના લીધે સ્થિતિને કાબુમાં લેવા પોલીસને પાણીનો મારો ચલાવવાની ફરજ પડી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને તેમના પુતળા સળગાવવામાં આવ્યા હતા. કોંગ્રેસના દિલ્હી વડા અરવિન્દરસિંહ લવલીએ કહ્યું હતું કે, અમને કોઈપણ ચમત્કારની અપેક્ષા આટલા ટૂંકા ગાળામાં દેખાઈ રહી નહતી. પરંતુ જો તેઓ પ્રવર્તમાન ફુગાવાને કાબુમાં પણ લઈ શકતા નથી તો તેમને આવા પ્રકારના પગલા લઈને સ્થિતિને વધુ ખરાબ કરવી જોઈએ નહીં. ચુંટણી પહેલા ભાજપના લોકો કહી રહ્યા હતા કે સારા દિવસો આવનાર છે ચુંટણીમાં જીત થયા બાદ હવે કડવી દવા આપવાની શરૂઆત થઈ ગઈ છે. સમાજવાદી પાર્ટીના કાર્યકરોએ પણ વારાણસી અને અલાહાબાદમાં પણ હિંસક દેખાવો કર્યા હતા. મોદીના મત વિસ્તાર વારાણસીમાં પુતળા સળગાવવામાં આવ્યા હતા. સપાના કાર્યકરોએ ભાડાના વિરોધમાં અલહાબાદમાં ટ્રેન પણ રોકી હતી.તમિલનાડુમાં ભાજપના સાથી પક્ષો સહિતના રાજકીય નેતાઓએ વિરોધ કર્યો હતો. ડીએમકેના વડા કરુણાનીધિનું કહેવું છે કે, ભાજપ સરકારે યુપીએની ખોટી નીતિઓને સુધારવાની વાત કરી હતી. મુખ્યમંત્રી જયલલિતા દ્વારા પણ ભાડામાં વધારાને પરત ખેંચવાની માંગ કરાઈ છે. ડીએમડીકે, એમડીએમકે દ્વારા

ભાડામાં વધારાને પરત ખેંચવાની માંગ કરાઈ છે. સીપીઆઈના નેતા ડી રાજાએ કહ્યું છે કે, રેલભાડામાં વધારાને પરત ખેંચવાની જરૂર છે. ઉલ્લેખનીય છે કે, દિગ્વિજયસિંહે ટ્વીટર પર જણાવ્યું છે કે, અબકી બાર ડબલ સ્પીક સરકાર. મોદીએ ૨૦૧૨માં મનમોહનસિંહને રેલવે યાત્રી ભાડામાં વધારા સામે વિરોધ કરીને પત્ર લખ્યો હતો. કેન્દ્રે ગઈકાલે યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો અને નુરના દરમાં ૬.૫ ટકાનો વધારો કર્યો છે.

ઝડપાયેલા ત્રાસવાદીઓની કબુલાત

મહાબૌદ્ધી મંદિરને ઉડાવી દેવા યોજના બનાવી હતી

નવી દિલ્હી, તા.૨૧

ગયા વર્ષના બોધગયા બ્લાસ્ટ કેસના સંદર્ભમાં ઝડપાયેલા બે ખુંખાર આતંકવાદીઓએ ધડાકો કર્યો છે કે, તેમની મુખ્ય યોજના મહાબૌદ્ધી મંદિરને ફુંકી મારવાની હતી.

ત્રાસવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીનના સેકેન્ડ ઈન કમાન્ડ હૈદરઅલી અને મુજિબુલ્લાએ એનઆઈએના અધિકારીઓ સમક્ષ પૂછપરછ દરમિયાન કહ્યું હતું કે, તેમની યોજના મહાબૌદ્ધી મંદિરમાં બ્લાસ્ટ કરવાની છે. બિહારના ગયા જિલ્લામાં બોધગયામાં સ્થિત મહાબૌદ્ધી મંદિરને ફુંકી મારવાની તેમની યોજના હતી પરંતુ આ યોજના સફળ થઈ નહતી. ત્રાસવાદીઓ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત હોવાના કારણે બ્લાસ્ટના દિવસે મુખ્ય મંદિરના પ્રાંગણની અંદર જ બોમ મુકી શક્યા નહતા. હૈદરઅલીની રાંચીમાંથી ગયા મહીને ધરપકડ કરાઈ હતી. આ મહીનાની શરૂઆતમાં એનઆઈએની ટીમ દ્વારા પટણા અને બોધગયા બ્લાસ્ટમાં તપાસ હાથ ધર્યા બાદ કહ્યું હતું કે, આઈએમના ત્રાસવાદીઓએ જુદા-જુદા માર્કેટમાંથી ટાઈમબોમ્બ બનાવવા માટે સામગ્રી ખરીદી હતી. રાંચીના બજારમાંથી આ વિસ્ફોટક સામગ્રી ખરીદાઈ હતી. સાત જુલાઈ ૨૦૧૩ના દિવસે સિરીયલ બોમ્બ બ્લાસ્ટ મહાબૌદ્ધી મંદિરના પ્રાંગણમાં થયા હતા. જેમાં મોટી ખુંવારી ટળી ગઈ હતી.

રેલ ભાડામાં વધારો યોગ્ય નિર્ણય : જેટલી

નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રીય નાણા પ્રધાન અરૂણ જેટલીએ રેલવે યાત્રી ભાડામાં કરવામાં આવેલા વધારાને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન વચ્ચે આજે જવાબ આપતા કહ્યું હતું કે, યાત્રી ભાડા અને નુરના દરમાં વધારો કરવાનો નિર્ણય ચોક્કસપણે ખૂબ જ મુશ્કેલ અને લોકો ઉપર બોજ ઝીકનાર નિર્ણય છે. પરંતુ આ યોગ્ય દિશામાં લેવામાં આવેલું પગલું છે. જો ટ્રેન સેવાનો ઉપયોગ કરનાર લોકો ઉપલબ્ધ સેવાઓ માટે યોગ્ય નાણાં ચુકવશે તો જ રેલવેમાં નવા પ્રાણ ફુંકી શકાશે અને રેલવેને વધુ વ્યવસ્થિત બનાવી શકાશે. મોદી અને એનડીએ સરકારની થઈ રહેલી ટીકા વચ્ચે જેટલીએ બચાવમાં નિવેદન કરતા કહ્યું છે કે, દેશના લોકોને એક વિશ્વસ્તરની સેવા જોઈએ છે કે પછી ખરાબ હાલત ધરાવતી રેલ સેવા જોઈએ છે તે અંગે નિર્ણય કરવાનો સમય આવી ગયો છે. અરૂણ જેટલીના નિવેદન અંગે કોંગ્રેસે આકરી પ્રતિક્રિયા કરી છે અને કહ્યું છે કે, સરકારની દલીલ બીનજરૂરી છે. કોંગ્રેસના નેતા દિગ્વિજયસિંહે કહ્યું છે કે, દેશને ચલાવવાની બાબત અને

બીજાની ભૂલ કાઢવાની બાબત જુદી-જુદી બાબત છે. સરકાર પાસે હંમેશા કઠોર નિર્ણય લેવા માટેના કારણ હોય છે. પરંતુ નેતા સત્તામાં રહે કે વિપક્ષમાં સાચી વાત કરવામાં આવે તે જરૂરી છે.

જેટલીએ કહ્યું હતું કે, રેલવેની સ્થિતિ ખૂબ ખરાબ છે. રેલવેને દેવાની જાળમાંથી બહાર કાઢવાનો સમય આવ્યો છે. ભારતીય રેલ સેવાને વર્લ્ડક્લાસ રેલવે બનાવવાની જરૂર છે. છેલ્લા ઘણા વર્ષથી ભારતીય રેલવે નુકશાનમાં ચાલી રહેલ છે. રેલવેને વધુ મજબુત કરવાની જરૂર ઉભી થઈ છે. આગામી મહીને કેન્દ્રીય બજેટ રજુ કરનાર જેટલીએ કહ્યું હતું કે, નુકશાન કરનાર રેલવે ક્યારેય પણ અપેક્ષા મુજબની સેવા આપી શકે નહીં. ખર્ચને પહોંચી વળવા સંશાધનો પણ ઉભા થઈ શકે નહીં. જેટલીએ કહ્યું છે કે, નુરના દરને તર્કસંગત બનાવવાની દરખાસ્ત પહેલાથી જ આવી હતી.

જેટલીનું કહેવું છે કે, યાત્રી ભાડામાં વધારો બિલકુલ યોગ્ય નિર્ણય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તીવ્ર મોંઘવારી વચ્ચે રેલવે યાત્રા પણ ગઈકાલે વધુ મોંઘી બનાવી દેવાઈ હતી. નરેન્દ્ર મોદી સરકારે શુક્રવારે રેલવે યાત્રી ભાડા અને નુરના દરમાં કમરતોડ વધારો ઝીંકી દીધો હતો. રેલવે યાત્રી ભાડામાં ૧૪.૨ ટકાનો તમામ વર્ગમાં વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે નૂરના દરમાં ૬.૫ ટકા સુધીનો વધારો કર્યો હતો. આ વધારો ૨૫મી જુનથી અમલી બનાવાશે.૧૬મી મેના દિવસે આની જાહેરાત કરાઈ હતી પરંતુ આને તરત જ પાછો ખેંચી લેવાયો હતો. ૧૬મી મેના દિવસે ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો પરંતુ કલાકોના ગાળામાં જ આને પાછો ખેંચી લેવાયો હતો.

ફિલ્મ નિર્માણ માટે વન વિન્ડો ક્લીયરન્સ રહેશે

મુંબઈ, તા.૨૧

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ પ્રધાન પ્રકાશ જાવડેકરે આજે મુંબઈ શહેરમાં તમામ નાના ફિલ્મ નિર્માતાઓને ખાતરી આપી હતી કે, નરેન્દ્ર મોદી સરકાર ફિલ્મ નિર્માણ માટે વન વિન્ડો ક્લીયરન્સ સિસ્ટમ માટે કામ કરશે. ફિલ્મ નિર્માતાઓ અને ટેલીવીઝન ઈન્ડસ્ટ્રીના લોકો પણ મુંબઈમાં પહોંચ્યા હતા અને આ લોકોએ પ્રધાન સમક્ષ તેમની સામે રહેલી સમસ્યાઓ અંગે રજૂઆત કરી હતી. પ્રધાને ખાતરી આપી હતી કે, બાળકોની ફિલ્મોને વધારે પ્રોત્સાહન મળે તે જરૂરી છે. આ ઉપરાંત બાળકોની ફિલ્મ જોનાર વર્ગ વધે તે પણ જરૂરી છે. પ્રકાશ જાવડેકરે માહિતી અને પ્રસારણ મંત્રાલયના મીડિયા યુનિટની બેઠક પણ યોજી હતી. નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, ચિલ્ડ્રન્સ ફિલ્મ સોસાયટી ઓફ ઈન્ડિયા, ફિલ્મ ડિવીઝન, સીબીએફસી સાથે પણ બેઠક યોજી હતી. જાવડેકરે કહ્યું હતું કે, બાળકોની સારી ગુણવત્તાવાળી ફિલ્મોને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. તેમાં કહ્યું હતું કે, જો ફિલ્મો વધુ સારી રીતે અને લોકોને પ્રોત્સાહન મળે તેવી બનાવવામાં આવે તો લોકોને સીધો જ ફાયદો થશે. સાથે-સાથે બાળકોની ફિલ્મોને પણ વધુ ફાયદો મળશે.

અમરનાથ યાત્રા ૨૮મી જુનથી શરૂ

શ્રીનગર,તા. ૨૧

જેની શ્રદ્ધાળુઓ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે વાર્ષિક અમરનાથ યાત્રા ૨૮મી જુનથી શરૂ કરવાની જાહેરાત કરવામાં આવ્યા બાદથી તૈયારી ઝડપી બનાવી દેવામાં આવી છે. લોકોને યાત્રા દરમિયાન કોઈ તકલીફ ન પડે તે માટે સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. શ્રદ્ધાળુઓ પણ યાત્રાને લઈને ઉત્સુક છે. અમરનાથ યાત્રા ૨૮મી જુનથી માત્ર વાયા બાલટાલથી શરૂ કરાશે. વાયા પહલગામથી યાત્રા શરૂ થવામાં હજુ થોડોક સમય લાગશે. ટ્રેકની સ્થિતી જાણી લીધા બાદ વાયા પહેલગામને મંજૂરી અપાશે. દરિયાઈ સપાટીથી આશરે ૩૮૮૮ મીટરની ઉંચાઈએ સ્થિત અમરનાથની પવિત્ર ગુફાની વાર્ષિક યાત્રા આ વર્ષે ૨૮મી જુનથી શરૂ

કરાશે. અમરનાથ ગુફા તરફ જવા માટે બે રસ્તા છે. જે પૈકી એક પહેલગામ અને અન્ય બાલટાલનો છે. આ વર્ષે આશરે બે લાખ શ્રદ્ધાળુઓ દ્વારા નોંધણી કરવામાં આવી ચુકી છે. તૈયારીમાં વ્યસ્ત રહેલા સુત્રોએ કહ્યું છે કે બાલટાલ, નુનવાન, બરારીમાર્ગ, ચંદનાવાડી, પિસ્સુટોપ, શેષનાગ અને પંજતારિણી ખાતે આવેલા તમામ બેઝ કેમ્પ ખાતે જરૂરી સુવિધા ઉભી કરવામાં આવી ચુકી છે. લોકો માટે હેલિકોપ્ટરની સેવા ૨૯મી જુનથી શરૂ કરી શકાશે. પહલગામ અમરનાથ યાત્રાની શરૂઆત મામલે જાણવા મળ્યુ છે કે પહલગામ-ગુફા માર્ગ પર મહાગુનસ, પંજાતારિણી અને શેષનાગમાં કેટલાક વિસ્તારોમાં હજુ બરફ જામેલી છે. જેથી લોકોને આ રૂટ મારફતે મોકલી જોખમ લઈ શકાય નહી. લોકોને પુરતી સુરક્ષા મળે તે માટે પણ પગલા લેવામાં આવી રહ્યા છે. દર વર્ષની જેમ મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો આ વર્ષે પણ તૈનાત રહેશે. સુરક્ષા દળો પોતાની જવાબદારી સંભાળી ચુક્યા છે.

જેડીયુ અને આરજેડીની વચ્ચે એકતા જરૂરી બની

પટણા, તા.૨૧

રાજ્યસભાની બેઠકોની પેટાચુંટણીમાં જેડીયુના બે ઉમેદવારોની તરફેણમાં મત આપ્યાના એક દિવસ બાદ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમારે આજે કહ્યું હતું કે, આરજેડીના એકપણ ધારાસભ્યને જીતનરામ માંજી કેબિનેટમા સામેલ કરવામાં આવશે નહીં. કેબિનેટની સ્થિતિ યથાવત રહેશે.

તેમણે કહ્યું હતું કે, ભાજપ માટે ખરાબ દિવસો આવી ગયા છે કારણકે, આરજેડીના વડા લાલુપ્રસાદ યાદવ કોમવાદી પરિબળો સામે તેમની લડતમાં સામેલ થયા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, ભાજપની બે અપક્ષ ઉમેદવારોની હાર સાથે શરૂઆત થઈ ગઈ છે. જેડીયુના સભ્યોને સમયસર ટેકો આપવા બદલ નીતિશે લાલુનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, જેડીયુ અપક્ષો સાથે ભાજપની ગુપ્ત સમજુતીનો પર્દાફાશ કરવા ઈચ્છુક છે. તેમણે એમપણ કહ્યું હતું કે, લાલુ યાદવ લડાયક બન્યા બાદ ભાજપની સ્થિતિ નબળી થશે. એકમોટા ગઠબંધનની સ્થિતિની જરૂર ઉભી થઈ છે. બિહાર અને દેશમાં ભાજપ સામે હવે સંયુક્ત લડતનો સમય આવી ગયો છે. ૩૧ ટકા મત મેળવીને ભાજપે કેન્દ્રમાં સત્તા મેળવી લીધી છે જો અન્ય પક્ષો ભાજપની સામે રહ્યા હોત તો બિહારમાં સત્તા ઉપર આવવાનું ભાજપનું સ્વપ્ન પુરુ થશે નહીં. ભાજપને હરાવવા માટે અમે કમરકસી ચુક્યા છીએ.

સમાચાર ઝલક

- માત્ર ૨૬ ટકા ભારતીય મહિલાઓ બેંક વ્યવહાર કરે છે.
- જુના શહેરોને જોડીને આધુનિક શહેરો બનાવાશે.
- સ્ટેટ બેંક ઓફ ઈંડિયા સહિત ૨૪ બેંકો ડીપોઝીટના નિયમો જાળવવામાં નિષ્ફળ રહેલ છે.
- સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટર્સ માટે બે વર્ષ સરકારી હોસ્પિટલમાં સેવા ફરજીયાત-ડોકટરોની ૬૦ ટકા ઘટ.
- ૫૦ પૈસાનું પોસ્ટકાર્ડ ટપાલ વિભાગને ૭ રૂપિયામાં પડે છે.
- બિહારના ધરમપુરા ગામના ૧૪ વર્ષના શિવાનંદ તિવારીએ આઈ.આઈ.ટી. પ્રવેશ પરીક્ષામાં સફળતા મેળવી.
- ખેતરમાં હાઈ ટેન્શન વીજપોલ ઉભા કરવામાં ખેડૂતોને બજાર કિંમતે વળતર ચુકવાશે.
- પાટણની ઐતિહાસિક રાણકીવાવને વર્લ્ડ હેરિટેજમાં સ્થાન મળશે. યુનેસ્કો દ્વારા જાહેરાત કરાશે.
- ભારતમાં લખપતિઓની સંખ્યા વધીને ૧.૫૬ લાખ થઈ અહેવાલ.
- બ્રાઝિલ પહોંચેલા ફૂટબોલ ચાહકોની કફોડી હાલત.
- ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયામાં પર્સન્ટાઈલ પદ્ધતિને હાઈકોર્ટે રદ કરી.
- ૨૧૦૦૦ કરોડના ૭ મોટા પ્રોજેકટને મંજુરી મળી.
- દરેક જિલ્લામાં આધુનિક મધ્યાહન ભોજન રસોડા શરુ કરાશે.
- ઈરાકને મદદ કરવા અમેરિકા તૈયાર-ઓબામા
- ઉત્તરપ્રદેશમાં મફત લેપટોપ, બેરોજગારી ભથ્થુ કન્યા વિદ્યાદાન બંધ-નાણાંકીય તંગી.
- આ ઓસ્ટ્રેલિયા છે. જ્યાં લોકોએ સામેથી વધુ કરવેરા માંગ્યા.
- ગૃહમાં સરકારને ભીડવવા માટે ૫૦૦ જેટલા પ્રશ્નો તૈયાર
- હવે કેન્સર ગ્રસ્ત હાડકાને શરીરથી અલગ કરી ઈલાજ કરાશે.
- બજારમાં ડિઝીટલ પ્રિન્ટેડ ટી-શર્ટનો વ્યાપ યુવાઓમાં જબરો ક્રેઝ.
- વિદેશમાં જતી વખતે રૂ. ૨૫૦૦૦ સાથે રાખવાની મંજુરી મળી.
- સિગારેટની કિંમતમાં વધારો કરવાની બજેટમાં હિલચાલ.
- રાજકોટ ડેપોમાં બસમાં જગ્યા રોકવા જતાં ૩૦ લાખની ચીલ ઝડપનો બનાવ.

નરેન્દ્ર મોદી અમેરિકી કોંગ્રેસને પણ સંબોધન કરે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હવે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટનની ઐતિહાસિક યાત્રા દરમિયાન યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કરે તેવી પણ શક્યતા છે. મોદીને આ સન્માન મળે તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. અમેરિકી લોકો મોદીને સાંભળવા માટે ઉત્સુક બન્યા છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાતમાં કોમી રમખાણો બાદ અમેરિકામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. પરંતુ તાજેતરમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં ભાજપને

ઐતિહાસિક જીત અપાવ્યા બાદ વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીને અમેરિકાનું આમંત્રણ મળી ચુક્યું છે. અમેરિકી પ્રતિનિધિ ગૃહ વિદેશ બાબતોની સમિતિના ચેરમેન અને કેલીફોર્નિયાના રિપબ્લિકન રોયસે કહ્યું છે કે, તેઓ ગૃહના અધ્યક્ષ જોન બોહનેરને પત્ર લખી ચુક્યા છે અને એવી અપીલ કરી ચુક્યા છે કે, અમેરિકાની યાત્રા દરમિયાન ગૃહ અને સેનેટના સંયુક્ત સત્રને સંબોધવા મોદીને આમંત્રણ આપવામાં આવે તે જરૂરી છે. અમેરિકા પણ મોદીના વિચારોને જાણવા માટે હવે ઉત્સુક બન્યું છે. દક્ષિણ એશિયામાં અમેરિકાના કોઈ વધારે મહત્વપૂર્ણ ભાગીદાર ભારત સિવાયના નથી ત્યારે મોદીન આમંત્રણ મળે તે ખૂબ જ જરૂરી છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો ૨૧મી સદીમાં સૌથી ઉપયોગી રહેશે. બોહનેરની ઓફિસને તરત પત્રનો જવાબ મળ્યો નથી. પરંતુ આ પત્રમાં અન્ય સભ્યોએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તત્કાલીન પ્રમુખ જ્યોર્જ બુશે ૨૦૦૫માં મોદીને વીઝા આપવાનો ઈન્કાર કરી દીધો હતો. ધાર્મિક સ્વતંત્રતાના ભંગ બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૦૦૨માં મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં એક હજારથી વધુ લોકો માર્યા ગયા હતા. મોદીની આમાં કોઈ ભૂમિકા નહતી પરંતુ આને લઈને વિરોધની શરૂઆત થઈ હતી. જોકે હાલમાં લોકસભાની ચુંટણીમાં જીત બાદ અમેરિકી પ્રમુખ ઓબામાએ મોદીને અભિનંદન આપીને અમેરિકા માટેનું આમંત્રણ આપ્યું હતું. છેલ્લે અમેરિકી કોંગ્રેસના સંયુક્ત સત્રને દક્ષિણ કોરિયાના પ્રમુખે સંબોધન કર્યું હતું.

૧૬મી મે બાદ રેલવેને રોજ ૩૦ કરોડનું નુકશાન થયું છે

નવી દિલ્હી, તા.૨૧

રેલવે યાત્રી ભાડામાં કમરતોડ વધારો ઝીંકવામાં આવ્યા બાદ ચારે બાજુ વિરોધપ્રદર્શન જારી છે અને ભાડામાં વધારાને પરત ખેંચવાની માંગ થઈ રહી છે. રેલવેને લઈને કેટલીક બાબતો ખૂબ જ પડકારરૂપ છે. મહાકાય રેલવેની સ્થિતિને સુધારવા માટે સતત પગલા લેવાની જરૂર છે. કફોડી હાલત વચ્ચે રેલવેની ૭૦ ટકા આવક કર્મચારીઓના પગાર અને પેન્સનની ચુકવણીમાં જતા રહે છે. કોસ સબ્સિડી વાળા યાત્રી ભાડાના પરિણામ સ્વરૂપે દર વર્ષે ૨૬૦૦૦ કરોડનું નુકશાન રેલવેને થાય છે. રેલવેને હાલમાં રહેલા પ્રોજેક્ટો અને પેન્ડીંગ રહેલા ૫૮૬ પ્રોજેક્ટોને પૂર્ણ કરવા ૪.૫ લાખ કરોડની જરૂર છે. આવી સ્થિતિમાં રેલવેની આવકને વધારવા માટે પડકારરૂપ અને કઠોર પગલા જરૂરી બન્યા છે.

૧૬મી મે ૨૦૧૪ના દિવસે રેલવે દ્વારા યાત્રી ભાડામાં વધારાને મોકુફ રાખવામાં આવ્યા બાદથી રેલવેને દરરોજ ૩૦ કરોડ રૂપિયાનું નુકશાન થઈ રહ્યું હતું. ઓક્ટોબર ૨૦૧૩માં છેલ્લે રેલવે યાત્રી ભાડામાં બે ટકાનો વધારો કરાયો હતો.

અક્ષયકુમારની હોલી ડે ફિલ્મ આખરે ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ

મુંબઈ, તા.૨૧

અક્ષયકુમારની હોલી ડે ફિલ્મ આખરે ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ગઈ છે. આ ફિલ્મ છઠ્ઠી જુનના દિવસે રજૂ કરવામાં આવી હતી. અક્ષયકુમાર અને સોનાક્ષી સિંહાને આવરી લેતી આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પ્રથમ પખવાડિયામાં ૪૦ કરોડની કમાણી ફિલ્મે કરી હતી. આ ફિલ્મ સાથે કોઈ સ્પર્ધામાં નહીં હોવાના કારણે તેને ફાયદો થયો છે. ટીકીટ વિન્ડો ઉપર આ ફિલ્મને સફળતા મળવા માટે કારણો રહેલા છે. ટિકાકારોનું કહેવું છે કે, ફિલ્મમાં કોઈ મોટી ચીજ નહીં હોવા છતાં કોઈ નવી અને મજબુત ફિલ્મ સામે નહીં હોવાના કારણે આ ફિલ્મને સફળતા હાથ લાગી છે.

એઆર મુરુગાબાદાસ દ્વારા બનાવવામાં આવેલી હોલી-ડે ફિલ્મ દક્ષિણ ભારતની હિટ ફિલ્મ થુપ્પકીની રીમેક છે. સલમાન અભિનીત જય હો ૧૧૬ કરોડ અને આલિયા-અર્જુન અભિનીત ટુ સ્ટેટ્સ ૧૦૨ કરોડની કમાણી કરી ચુકી છે. ૨૦૧૪માં ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થનાર અન્ય આ બે ફિલ્મો જ રહી છે. હોલી ડે ટુ સ્ટેટ્સના આંકડાને પાર કરી શકે છે. ૧૦૦ કરોડના ક્લબમાં સામેલ થનાર અક્ષયની આ ત્રીજી ફિલ્મ છે. અગાઉ રાઉડી રાઠોડ અને હાઉસફુલ-૨ પણ ૧૦૦ કરોડમાં સ્થાન મેળવી ગઈ હતી. ધુમ-૩, ચેન્નઈ એક્સપ્રેસ અને ક્રિશ-૩માં યાદીમાં સૌથી ટોપની ફિલ્મો છે. હમશક્લ ફિલ્મને નેગેટીવ રિવ્યુ મળ્યા છે જેના કારણે હોલી ડે ફિલ્મને હજુ પણ સફળતા મળે તેવી શક્યતા છે.

પ્રીતિના આક્ષેપ બિલકુલ સાચા : પાંચ સાક્ષીઓની જુબાની

નવી દિલ્હી, તા.૨૧

પ્રીતિ ઝિંટા-નેસ વાડિયા કેસમાં રોજ નવી-નવી વિગતો સપાટી પર આવી રહી છે. કેટલીક મહત્વપૂર્ણ કડીઓ સતત સપાટી પર આવી રહી છે. બે પૂર્વ પ્રેમીઓ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ હજુ લાંબી ખેંચાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સાહસી અભિનેત્રી પ્રીતિ ઝિંટા અનેક ચોંકાવનારા ખુલાસા કરી રહી છે. બીજી બાજુ હવે એવો દાવો પણ કરાયો છે કે, અભિનેત્રીના આક્ષેપો કેટલાક અંશે બિલકુલ યોગ્ય છે. બીજી બાજુ નેસ વાડિયા તરફથી પણ ધમકી ભર્યા કોલ મળી રહ્યા હોવાનો દાવો કરાયો છે. તેના બિઝનેસ પાર્ટનર અને પૂર્વ બોયફ્રેન્ડ નેસ વાડિયા સામે પ્રીતિ દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદમાં સંબંધો અંગે સાત સાક્ષીઓના નિવેદન પોલીસે નોંધ્યા છે. પ્રીતિએ નેસ વાડિયા સામે ખરાબ વર્તન અને જાહેરમાં તેને અપમાનીત કરવાનો આક્ષેપ કર્યો છે. જે સાત સાક્ષીઓએ તેમના નિવેદન નોંધાવ્યા છે તે પૈકીના પાંચ સાક્ષીઓએ કબુલાત કરતા કહ્યું છે કે, પ્રીતિના આક્ષેપો સાચા છે અને આવા બનાવો બન્યા હતા. પ્રીતિએ ૧૩મી જુનના દિવસે લેખિત ફરીયાદ કરી હતી ત્યારબાદ આઈપીસીની જુદી-જુદી કલમો હેઠળ નેસ વાડિયા સામે એફઆઈઆર દાખલ કરાઈ હતી. આ બનાવ ૩૦મી મેના દિવસે ઈન્ડિયન પ્રીમિયર લીગની મેચ દરમિયાન મુંબઈના વાનખેડે સ્ટેડિયમ પર બન્યો હતો. પ્રીતિ ઝિંટા આવતીકાલ સુધી નિવેદન નોંધાવવા માટે પહોંચે તેવી શક્યતા છે. બીજી બાજુ નેસવાડિયાએ પ્રીતિના તમામ આક્ષેપોને રદિયો આપ્યો છે.